

દર મહિને નાગરોને પ્રસિધ્ધ થતું સમસ્ત નાગર જ્ઞાતિનું માસિક

# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

સ્થાપક : સ્વ. શાંતિભાઈ ચોબકિયા
તંત્રી : વિરેન શાં. ચોબકિયા
લવાજમ : વાર્ષિક રૂા. ૧૦૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૮ અંક : ૧૧
જૂન - ૧૨



કવિશ્રી નરસિંહ મહેતા



નર્મદ



ગોવર્ધનરામ ત્રિપાઠી



રામનારાયણ પાઠક



ગુલાબભાઈ ચોબકિયા

## કોને ખબર...

બક્ષી છે ઈશ્વરે માનવ જીંદગી આ
શરૂ તો થઈ ચૂકી છે, ક્યારે પૂરી થશે. — કોને ખબર
શરીર આપ્યું, મન આપ્યું, બુદ્ધિ પણ.
કર્યે રાખો અરમાનો, કેટલાં પૂરાં થશે. — કોને ખબર
ન્હાયા તેટલું પુન્ય ગણી, સત્કર્મો કરતા રહો.
મિત્રો બનો, સહભાગી બનો, પ્રસન્ન રહેતાં શીખો.
ક્યાં સુધી કરતા રહેશો આ બધું. — કોને ખબર
હું કરું એ અજ્ઞાન છોડી ઈશ્વર આધારે જીવતાં શીખો.
અંદર બેઠેલો માંહ્યલો ક્યારે ઉડી જશે. — કોને ખબર
આ જીવન છે સંગીત ખુરશી જેવું
સંગીત ક્યારે અટકશે ને કોણ ફેંકાઈ જશે — કોને ખબર
જન્મ દિધો છે જગ માંહિ તેં મને હે પ્રભુ.
મૃત્યુ પણ નક્કી જ હશે—પણ ક્યારે એ તો — તને જ ખબર

— પ્રિયવદન ક. દેસાઈ (ગાંધીનગર)

બરછી કાર્યાલયનું સરનામું નોંધી લેશોજી...
બરછી કાર્યાલય C/o. શ્રીજી આર્ટ પ્રિન્ટર્સ, લોહેંચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ, લોહાણાનગર મેઈન રોડ, રાજકોટ-૧.
ફોન : ૦૨૮૧-૨૨૫૩૦૭૩ મો. ૯૪૨૮૯ ૯૯૧૭૫ e mail : barchhi@rediffmail.com Web : www.barchhi.com

## શૌરિન ઘોડા એમ.એસ થઈ યુ.એસ. કંપનીમાં જોડાયા



જૂનાગઢનાં વડોદરા સ્થિત શૈલેશ અને સૌ. મમતાબેનના પુત્ર શૌરિન ઘોડા યુ.એસ.એ. ખાતે યુનિવર્સિટી ઓફ મેસેચ્યુસેટ્સ ખાતેથી કમ્પ્યુટર સાયન્સમાં એમ. એસ. થઈ, ગવર્નમેન્ટ સેકટરની ટેનેસી સ્ટેટ ઓથોરિટીમાં પ્રોગ્રામ એનાલિસ્ટ તરીકે જોડાયા. તેઓએ એલ.ડી. ઈજનેરી કોલેજ અમદાવાદ ખાતેથી ૨૦૦૭માં બી. ઇ. (સીઇ)ની પદવી મેળવેલ. અભિનંદન.

શૌરિન ઘોડા સ્વ. જનકરાય-સ્વ. કપિલાબેનના પૌત્ર તથા ભૂપેન્દ્રભાઈ-સૌ. પ્રસન્નબેન નાણાવટીના દોહિત્ર થાય.




## ડો. ફોરમ ઢેબર ફિઝીયોથેરાપીમાં માસ્ટર

જામનગર સ્થિત શ્રી પંકજ વિષ્ણુપ્રસાદ ઢેબર અને શ્રીમતી દિવ્યા પંકજ ઢેબરનાં પુત્રી કુ. ડો. ફોરમ ઢેબરે તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ માસ્ટર ઓફ ફિઝીયોથેરાપીની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ માસ્ટર ડીગ્રી મેળવી. અને તાજેતરમાં શ્રી સ્વામીનારાયણ ફિઝીયોથેરાપી કોલેજ જામનગર ખાતે જુનિયર લેકચરર તરીકે જોડાયાં. અભિનંદન.

## તન્મીત છાયાએ રજતચંદ્રક મેળવ્યો

તાજેતરમાં રાજકોટના બાલભવન ખાતે સ્કેટબોલ એશો. દ્વારા યોજાયેલ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપ-૨૦૧૨માં રાજકોટના એક સમયના ક્રિકેટ ખેલાડી અને અમ્પાયર સ્વ. અશ્વિનભાઈ છાયાના પૌત્ર તન્મીત પાર્થિવ છાયા (વર્ષ ૪થી ૬ વય જૂથમાં) બીજું સ્થાન મેળવતાં રજતચંદ્રક એનાયત થયો. આ જ સ્પર્ધામાં ૬ થી ૧૨ વર્ષ જૂથમાં નીરજ છાયાએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ.



## હૃદયા કશ્યપને કરાટેમાં કાંસ્યચંદ્રક

મુંબઈ સ્થિત ધો. ૫ માં અભ્યાસ કરતી હૃદયા તેજસ કશ્યપને ૨૬મા એઆઈએફ નેશનલ કરાટે ડુ ચેમ્પીયનશીપ-૨૦૧૨ અંતર્ગત કાતા કોમ્પીટીશનમાં વિજેતા બની કાંસ્ય ચંદ્રક મેળવ્યો. તેણી બાળપણથી જ કરાટેમાં ખુબ રૂચી ધરાવે છે. અને નેશનલ કરાટે અંતર્ગત બ્લેકબેલ્ટ મેળવેલ છે.ગત વર્ષમાં બ્રાઉનબેલ્ટ કોમ્પીટીશનમાં સુવર્ણપદક પણ મેળવેલ. અભિનંદન.

### ફ્લેટ વેચવાનો છે...

રેસકોર્સ પાર્ક - સંસ્કારી લત્તામાં નવો 2 BHK ફ્લેટ, બિનધંધાદારી ધોરણે બનાવેલ, ૧ લો માળ(લીફટ છે) વેંચવાનો છે...નાગર કુટુંબને પ્રથમ પસંદગી.
મો. ૦૯૮૨૫૭ ૩૩૧૫૮

### 'કરી લે'

*પૂરી ન થાય એવી ઈચ્છા કરી લે*
*એ બહાને ઈશ્વરની પરીક્ષા કરી લે*
*સહજ બની સતત જીવ્યા કર્યો છે તું*
*હિંસક બની એકાદ શિકાર કરી લે*
*માન મોભો મરતબો કયાં રહયો છે*
*સમયની નજાકત જોઈ એકાદ ખેલ કરી લે*
*નહીં થાય સ્વભાવમાં ફેર,નથી મારે દંભ કરવો*
*ઈશ્વરે આપ્યું છે જે, તેનો સ્વીકાર કરી લે*

- સમીર પોટા (શ્રીકાન્ત) રાજકોટ

## -:-:-:- લગ્નવિષયક જાહેરાત -:-:-:-

(૧) બી.કોમ, એમ બીએ(ચાલુ) જ.તા. એપ્રિલ ૧૯૮૬, ૫ '૧૧" ઉંચાઈ, ફાયનાન્સ કંપનીમાં આસી. મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧-

(૨) બી.કોમ. (છેલ્લું વર્ષ) જ. ૧/૧૯૯૨, ઉંચાઈ ૫', ગાંગ્યાનસ ગોત્રની કન્યાને યુવક સંપર્ક :

(૩) બી.કોમ, જ. ૧/૧૯૮૬, ૫'.૪" ઉંચાઈ ફોરેસ્ટ ડીપા.માં નોકરી કરતી છૂટાછેડા લીધેલ કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૪) એમ.કોમ., ૯/૧૯૮૭, ૫'.૩" ઉંચાઈની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૨૫-

(૫) બી.એ. એલએલ.બી., ૭/૧૯૭૪, ૬' ઉંચાઈ પબ્લીક લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૨૫ -

(૬) એમ.કોમ., જ. ૭/૧૯૮૭, ઉંચાઈ ૫'.૪" પ્રા. કંપનીમાં નોકરી કરતા કાપિષ્ટ ગોત્રના (મંગળ છે) યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૭) એમ.કોમ., એમ.બી.એ., જ. ૨/૧૯૮૩, ઉંચાઈ ૫'.૪" ઉંચાઈ કાશ્યપ ગોત્રના બેંકમાં ઓફિસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૮) બી.કોમ, જ. ૪/૧૯૮૨, ઉંચાઈ ૫'.૧૦" દિલ્હી સ્થિત એમએનસી કંપનીમાં નોકરી કરતા ઔક્ષણસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : દિલ્હી-મો.

(૯) એમબીએ., એમ.એડ. જ. ૪/૧૯૮૧ ઉંચાઈ ૫'.૮" જોધપુર ખાતે લેકચરર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૯૧-

**સ્વસ્થ અને નિરોગી જીવન માટે નેચરામોર પીવો..**

આ એક હેલ્થ ફૂડ છે.જે દરેક રોગ માટે અકસીર છે. શરીરની તાસીર પ્રમાણે માત્ર બે ડબામાં જ તેની અસર જોઈ શકો છો. છ ડબામાં તેની પૂરી અસર થાય છે.આ નેચરામોર તદન નેચરલ છે. જેમાં સોયાપ્રોટીન, આઈસોલેટ એલોવીરા એક્સ્ટ્રેટ, ઓમેગા ૩ ડીએચએ અને બધાં મળીને કુલ ૨૦ જેટલાં વનસ્પતિજન્ય તત્વો છે.

હર્બલ પ્રોડકટ જેવી કે કલીંઝર, એલોટર્મેરીક, એન્ટી પીંપલ ક્રીમ, હેરકેર, નરીશીંગ, શેમ્પુ, બોડીવોશ વાપરી સ્વસ્થ શરીર સાથે ત્વચાને પણ કોમળ રાખો.

આજ સુધીમાં અમારાં આ નવાં સાહસમાં સહકાર આપનાર જ્ઞાતિજનોના આભારી છીએ...

વધુ માહિતી માટે લોગઈન કરો... www.netsurfnetwork.com

**<u>અનુભવીઓની CD જોવા અને વધુ માહિતી માટે સંપર્ક કરો...</u>**

**રાજકોટ : બાલેન્દુ યુ. મહેતા ફોન નં. ૯૪૨૮૨ ૯૯૭૦૧ / ૭૬૦૦૬ ૦૨૨૭૨**

**જામનગર : નૈષધ એચ. વસાવડા મો. નં ૯૪૨૮૩૧૯૯૧૦**

**ગાંધીનગર : હેમાંશુ એન. ભચેચ મો. નં ૯૯૯૮૫ ૧૮૧૮૫**

# શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ

વડનગરા નાગર / બ્રાહ્મણ, પ્રિય વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો સૌ પ્રથમ પારિતોષિક અને શિષ્યવૃત્તિના અરજી પત્રક આપ સૌની સમક્ષ મુકવામાં વિલંબ થયો છે તે બદલ દરગુજર કરશો. ખાસ નોંધ :

(૧) શિષ્યવૃત્તિ અને પારિતોષિક ના અરજી પત્રકો આપણા મંડળની ''વેબસાઈટ'' ShriVadanagaraNagar.org ઉપર મુકેલ છે. ઉપર જણાવેલ બન્ને ના ફોર્મ અલગ અલગ છે. અને અરજીપત્રકમાં આપેલ email ID ઉપર અરજીપત્રક મોકલવાના રહેશે.

(૨) જેઓને ઇન્ટરનેટ દ્વારા અરજીપત્રક મોકલવમાં અસુવિધા થાય તો વેબસાઈટ ઉપરથી અરજીપત્રક કોપી કરીને હાર્ડકોપી મોકલવી.

(૩) મંડળને મળેલ તમારી અરજીપત્રક ની પ્હોંચ 'email' દ્વારા મોકલશું જે પ્હોંચ નો નંબર તમારે જરૂરિયાત પ્રમાણેના True Copy પ્રમાણપત્રો ઉપર લખીને મોકલવાના રહેશે.

(૪) પારિતોષિક અને શિષ્યવૃત્તિ ને લગતા પૃથક્કરણના કાર્ય કોમ્પ્યુટર જ કરશે. માટે આપનો સાથ સહકાર અનિવાર્ય છે.

(૫) શિષ્ય શાળાવૃત્તિ ધો. ૮,૯,૧૦ ના અરજી પત્રકો મોડામાં મોડા ૩૦ જુન ૧૨ સુધી મોકલવાના રહેશે. (ધોરણ ૭ પાસ કર્યા બાદ) ને ધોરણ ૧૦ પાસ કર્યા બાદ આગળ કોઈ પણ ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મેળવવા અરજી કરી શકો છો.

(૬) ધોરણ ૧૦ થી મેડિકલ અને એન્જીનિયરીંગ તથા અન્ય પરિણામોના પારિતોષિક, શિષ્યવૃત્તિ ના અરજી ની છેલ્લી તારીખ ૩૧ ઓગષ્ટ'૧૨ તથા અન્ય ઉચ્ચ અભ્યાસના મોડા આવતા પરિણામોની શિષ્યવૃત્તિ, પારિતોષકની છેલ્લી તારીખ ૧૫ સપ્ટે.'૧૨

(૭) શિષ્યવૃત્તિ બાબતનો આખરી નિર્ણય શ્રી વડનગરા નાગર મંડળ મુંબઈની વ્યવસ્થાપક સમિતી નો રહેશે અને તે અરજી કરનાર વ્યક્તિને બંધનકર્તા રહેશે. આપણા જ્ઞાતિના ભાઈઓ બહેનોને શિષ્યવૃત્તિને પારિતોષિક બાબત વાકેફ કરવા વિનંતી.

(૮) જ્ઞાતિ બહાર લગ્ન કરનાર વડનગરા નાગર / બ્રાહ્મણ કન્યા અને તેમના બાળકો શ્રી મંડળ તરફથી અપાતા શિષ્યવૃતિ, પારિતોષિક અને અન્ય લાભો મેળવવા હક્કદાર રહેશે નહી.

(૯) અરજી પત્રક ભરવા વિશે સમજણ મેળવવા નીચેના ફોન નંબર ઉપર સંપર્ક કરી શકો છો. 98924 25526 / 022 2876 8427.

રવીંદ્ર રાણા
પ્રમુખ
શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ

## પ્રતિભાવંત નરબંકા નાગરો

બરછીમાં વાંચકોના સૂચન અનુસાર ભૂતકાળમાં કોઈપણ ક્ષેત્રે અનન્ય પ્રદાન દ્વારા જ્ઞાતિને પણ ઊંચેરૂં સ્થાન આપનાર પ્રતિભાવંત નરબંકા નાગરોની યશગાથાની માહિતી મળી રહી છે જેની ખુશી છે. બરછી આ શ્રેણીનો પહેલો મણકો પ્રસ્તુત કરતાં ધન્યતા અનુભવે છે. પવિત્ર માળાના કેટલા મણકા થશે તે તો પ્રતિનિધિઓ-જ્ઞાતિજનોના સહકાર ઉપર નિર્ભર છે...!

આ અંકમાં સાભાર પ્રસ્તુત છે...સાંપ્રત સમયના ભ્રષ્ટ જીવનની બાજીમાં સોગઠા બેસે નહી તેવી પ્રામાણિકતા, નિષ્ઠા, નૈતિક મૂલ્યોને ઉજાગર કરનાર નખશીખ ગાંધીવાદી વિચારસરણીને વરેલા આદરણીય મુ. ગુલાબભાઈ ધોળકિયાની જીવનીની ઝલક..જે ભુજના શ્રી ચંદ્રવદનભાઈ પટ્ટણી દ્વારા સંકલિત અને ભુજના પ્રતિનિધી હરિભાઈ અંતાણી મારફત મળેલ છે.

## નખશીખ ગાંધીવાદી ગુલાબશંકર ધોળકિયા



મોઢામાં ચાંદીના ચમચા સાથે જન્મેલા અને ઉચ્ચ રાજકીય પદો ભોગવવા છતાં અકિંચન એવા નોખી માટીના માનવી નખશીખ ગાંધીવાદી સ્વ. ગુલાબશંકર ધોળકિયાની ૪૦મી પુણ્યતિથિએ ભાવાંજલિ અર્પવામાં આવી હતી. કચ્છ રાજયના પોલીસ કમિશ્નર અમૃતલાલ નારણજી ધોળકિયાના ઘેર પુત્રરત્ન તરીકે ૧૮૯૩ ની ૨૫ ડિસેમ્બરે ગુલાબભાઈનો જન્મ થયો. અને ૧૯૭૨ની ૨૯ જાન્યુ. એ ચિરવિદાય લીધી. ૮૦ વર્ષનું સમગજીવન તેમણે રાજાશાહીમાં પ્રજાને થતા અન્યાયો સામે સંઘર્ષ કરવામાં જ વ્યતીત કર્યું. જાતે ફકીરી અપનાવી પરંતુ સિધ્ધાંતોમા બાંધછોડ કરી નહીં. સ્વરાજય પછી ભારતીય બંધારણ સભામાં તેમજ ૧૯૫૨ની લોકસભા ચુંટણી પછી તેઓ કચ્છના પ્રથમ સાંસદ સભ્ય તરીકે ચુંટાયા. ૧૯૬૦માં ગુજરાતના અલગ રાજયની રચના પછી ૧૯૬૨માં ભુજ વિસ્તારમાંથી ધારાસભ્ય બન્યા. સાંસદ,ધારાસભ્ય, અને કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ જેવા મહત્વના હોદદા ભોગવ્યા છતાં જાતે અકિંચન રહયા. અને પરિવારને કરજમાં મુકતા ગયા. આજના નાણાલક્ષી સતાલક્ષી રાજકારણમાં એમનું જીવન દંતકથા સમાન લાગે એમ છે. રાષ્ટ્રપિતા ગાંધીજીની વિચારધારાને અપનાવનાર ગુલાબભાઈએ ગાંધીજીનું વાકય જીવનમાં વણી લીધું હતું કે 'જગત લેણદાર છે આપણે દેણદાર છીએ, જગત લેણું માગે કે નહીં,આપણે તો લેણું સતત ચુકવવાનું છે' ૧૯૨૫માં કચ્છમાં ગાંધીજીની યાત્રા સમયે સતત સાથે રહયા, ગાંધીજીની સ્વભાવમાં તે સમયની અસ્પૃશ્યતા તેની વિચારસરણીને છોડી હરીજનો સાથે બેસતા તેથી નાગરજ્ઞાતિએ નાત બહાર કર્યા હતા. સદ્ગત ગુલાબભાઈના જાહેરજીવનનો આરંભ મુંબઈથી થયો કોંગ્રેસના સંપર્કમાં આવ્યા, એક દાયકાના વસવાટ પછી કચ્છમાં આવી એક સમયના કચ્છરાજયના પોલીસકમિશ્નરના પુત્રે કચ્છ રાજયનાં આપખુદી શાસન સામે જંગ આદર્યો. કચ્છના ભારત સંઘમાં વિલીનીકરણ પછી તેઓને કોંગ્રેસનું સુકાન સંભાળ્યું હતું. પરંતુ કોંગ્રેસની વિચારસરણીથી નારાજ થઈ રાજાજીના વડપણ હેઠળ નવરચિત સ્વતંત્ર પક્ષમાં જોડાયા. તેમના પ્રભાવથી ૧૯૬૨માંની ચુંટણીમાં કોંગ્રેસને કચ્છમાં લોકસભાની ૧ તેમજ વિધાનસભાની પાંચે પાંચ બેઠકો ઉપર હાર ખમવી પડી. અને ગુલાબભાઈ સહિતના અગ્રણીઓ વિજયી બન્યા. ૧૯૬૮માં કચ્છ સત્યાગ્રહ સમયે ભુજ પોલીસના બેફામ લાઠીચાર્જની તપાસની માંગ સાથે આમરણ અનસન આદર્યું. સુકલકડી શરીર પરંતુ મકકમ મનોબળ ધરાવતા ગુલાબભાઈની મકકમતા સામે સરકારે તપાસની માંગ સ્વીકારતાં અનસનનો અંત આવ્યો. સ્વ. ગુલાબભાઈનું જીવન સમગ્ર કચ્છ માટે ત્યાગ, સાદગી, મકકમતા અને ગાંધી મૂલ્યોને અપનાવવાની અમરગાથા સમાન છે. આજના યુગમાં આવા મહાનુભાવોની માત્ર યાદ જ તાજી કરી સ્મરણાંજલિ આપી ગણી શકાય.

## શ્રી કચ્છ –સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ – અમદાવાદ

શ્રી મંડળ દ્વારા નીચે પ્રમાણે શૈક્ષણિક પારિતોષિક આપવામાં આવે છે.

- ધો.૧૦-એસ.એસ.સી.માં સર્વપ્રથમ, દ્વિતીય તથા તૃતીય આવનારને તથા પ્રત્યેક વિષયમાં પ્રથમ અને દ્વિતીય આવનારને.
- ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સર્વપ્રથમ,દ્વિતીય તથા વિજ્ઞાનના વિષયોમાં પ્રથમ અને દ્વિતીય આવનારને.
- ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં સર્વપ્રથમ ,દ્વિતીય તથા અંગ્રેજી,આંકડાશાસ્ત્ર અને અર્થશાસ્ત્રમાં પ્રથમ.
- B.A., B.Sc., B.Com., B.Ed., L.L.B., M.S.W. , M.A., M.Sc., M.Com.માં પ્રથમ
- એન્જીનીયરીગની કોઈપણ વિદ્યાશાખામાં પ્રથમ
- M.B.B.S.,વિકલ્પે M.D., M.S.માં પ્રથમ
- MBA., C.A. વિકલ્પે C.S.માં પ્રથમ
- માનસિક અથવા શારીરીક મર્યાદા છતાં કોઈપણ ક્ષેત્રમાં ઉતમ દેખાવ માટે.
- સંગીત કંઠય વાદ્ય વિશારદ, ઉપાન્ય અથવા મધ્યમામાં પ્રથમ વિકલ્પે ધોરણ ૧૦માં સંગીતમા પ્રથમ.
- શ્રી મંડળ તરફથી ઉપરોકત શાખા સિવાય અન્ય ફેકલ્ટીમાં સર્વોત્તમ દેખાવ માટે અપાતું પારિતોષીક.

આ પારિતોષિક શ્રી કચ્છ –સૌરાષ્ટ્રના વડનગરા નાગરોના સંતાનો પુરતાં મર્યાદિત છે. ધો. ૧૦-૧૨ના પારિતોષિક ગુજરાત રાજયમાંથી પાસ થયેલ,રાજય તથા સેન્ટ્રલ બોર્ડના ઉમેદવારો માટે છે.

અરજી સાદા કાગળ પર, માર્કશીટની પ્રમાણિત નકલ સાથે, માતા-પિતાનું વતન, સંપૂર્ણ સરનામું ફોન નં. સાથે **તા. ૩૧ ઓગષ્ટ** સુધીમાં નીચેનામાંથી કોઈપણ એક સરનામા ઉપર ટપાલ દ્વારા મોકલી આપવી. અરજી સીધી મોકલવી જરૂરી છે. વાયા.... કોઈના દ્વારા મોકલાતી અરજી મળતી નથી. માત્ર માર્કશીટ મોકલવી નહી.માર્કશીટ પાછળ ફોન નંબર તથા સરનામું લખવું જરૂરી છે.

**(૧) અમિત કે. દેસાઈ**
એ/૧,માણેક એપાર્ટમેન્ટ
હોટલ મોસ્કોની બાજુમાં
રેલ્વે સ્ટેશન સામે,મણિનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.
**ફોન નં ૦૭૯-૨૫૪૬૬૨૩૩**

**(૨) કુ. નીલીમા પી. વૈષ્ણવ**
૨૬/બી ,નારાયણનગર સોસાયટી
જયભિખ્ખુ માર્ગ,
નારાયણનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
**ફોન નં ૦૭૯-૨૬૬૨૦૮૮૬**

શ્રી મંડળ તરફથી ઈન્જીનીયરીંગ, મેડીકલ, ફાર્મસી વિગેરેમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. આ માટેનું ફોર્મ મંગાવી (સ્ટેમ્પ કવર મોકલવું જરૂરી છે.) એડમિશન વિધિ પુરી થયા પછી ઉપરોકત સરનામે મોકલી આપવું. સ્કોલરશીપ આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આપાવામાં આવે છે.

**ડો. જયંત વસાવડા**
**મંત્રી**

**નીલકંઠ ધોળકિયા**
**પ્રમુખ**

## શ્રી નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઈડ ટ્રસ્ટ, જામનગર

૧૮ વર્ષથી સેવાભાવી કારોબારી સભ્યો અને કાર્યકરો થકી માનવતાવાદી સેવાકાર્ય કરતી ઉપરોકત સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૦/૬/૧૨ના રોજ શ્રી અંબરીષભાઈ જથ્થલના પ્રમુખ સ્થાને યોજાય ગઈ. જેમાં ૨૩૦ દાતા સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.નવા બનેલા સભ્યોને આવકાર,દિવંગત સભ્યોને શ્રધ્ધાંજલિ અપાયા બાદ ઓડીટેડ હિસાબો રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા પ્રખર વૈદ ડો. ચન્દ્રકાંતભાઈ શુકલએ આયુર્વેદિક પધ્ધતિથી આરાગ્ય જાળવણી અંગેનું માર્ગદર્શક પ્રવચન આપ્યું હતું. બાદમાં અ.ભા.ના.પરિષદના નવનિયુકત અધ્યક્ષશ્રી રજનીકાન્તભાઈ મહેતાનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયા બાદ ભોજનનાંતે સભા સંપન્ન થઈ હતી.સંસ્થાના ૧૮મા વાર્ષિક અહેવાલ મુજબ વર્ષ દરમ્યાન ૬૭૯૨૯ રૂા. દાન પેટે, રૂા. ૧૪૫૦૧-૨૯ સભ્યો બનતાં અન્ય રીતે કુલ ૯૨૯૩૦ સંસ્થાને મળેલ છે.જેની સામે રૂા. ૧૫૨૬૫ આર્થિક સહાય પેટે તથા રૂા. ૬૦ હજાર બે વ્યકિતને વ્યાજમુકત લોન પેટે આપવામાં આવેલ છે.

સંસ્થાને ધબકતી રાખનાર સૌ કોઈ ધન્યવાદને પાત્ર છે.તબીબી સારવાર મોંઘી થતી જાય છે ત્યારે જરૂરીયાતમંદો માટે સ્તુત્ય સેવારત સંસ્થાના સભ્યપદ તથા અનુદાનની ભલામણ અસ્થાને નહી લેખાય.

## અનંતના યાત્રીઓ :

શ્રી ઈન્દ્રવદનભાઈ(બટુકભાઈ) ભોગીલાલ વૈદ્ય -૮૦ વર્ષ - રાજકોટ ખાતે. ઈન્દ્રવદન જયંતીલાલ હાથી- ૮૩ વર્ષ - ગોંડલ ખાતે. ઈનાક્ષીબેન અનીલભાઈ બુચ -૬૭ વર્ષ અમદાવાદ ખાતે. હરનેશ કાંતીલાલ ધોળકિયાનું જુનાગઢ ખાતે. ચંદ્રિકાબેન મધુસુદનભાઈ મંકોડી - ૭૧ વર્ષ - અમદાવાદ ખાતે. શ્રીમતી ઉષાબેન દેવીપ્રસાદ છાંયા - ૮૫ વર્ષ - રાજકોટ ખાતે. રસેન્દુ દિનકરરાય ખારોડ - ૬૫ વર્ષ - જુનાગઢ ખાતે. નરેશપ્રસાદ શ્રીપ્રસાદ વૈષ્ણવ -૭૬ વર્ષ - વડોદરા ખાતે - માંગરોળના નરેશભાઈ શ્રીપ્રસાદ વૈશ્નવનું વડોદરા ખાતે. સુરેખાબેન હિંમતલાલ અંજારીયા - ૬૨ વર્ષ - અમદાવાદ ખાતે. અનીલભાઈ દેસાઈ - ૯૧ વર્ષ - ભાવનગર ખાતે. વિભાકરભાઈ બી. મહેતા - ૮૧ વર્ષ - ભાવનગર ખાતે. સૌ. ઉર્મિલાબેન જીતેન્દ્રરાય વૈદ્ય - ૮૧ વર્ષ - ભુજ ખાતે. બિપીનભાઈ નંદલાલ વસાવડાનું -૮૦ વર્ષ- અમદાવાદ ખાતે અવસાન..તેઓના ચક્ષુનું દાન કરાયું. જામનગરના જ્યોતિન્દ્ર તનસુખભાઈ માંકડનું બેંગલોર ખાતે. હરીતાબેન ઈન્દુરાય નાણાવટી - ૮૫ વર્ષ - ભરૂચ ખાતે.શ્રી વિભાકરભાઈ બટુકરાય મહેતાનું -૮૦ વર્ષ- ભાવનગર ખાતે. - નવીનચંદ્ર ઝવેરીલાલ ઓઝાનું - ૮૮ વર્ષ - અમદાવાદ ખાતે.

## આપનો ગ્રાહક નંબર નોંધી લેશો...

બરછીનું વર્ષ ફરી પૂર્ણતાને આરે આવી ગયું...આપણે અનુભવીએ છીએ તે મોંઘવારી ભાવવધારાએ માઝા મૂકી છે પોતાને ન ગમે તે બીજાને ન જ ગમે તે દ્રષ્ટિ સાથે આપ સૌના સહકાર પર મદાર રાખી આ વર્ષનું લવાજમ **રૂા. ૧૦૦/-** જ રાખવાનું ખરેખર સાહસ જ કરી રહયા છીએ. જૂલાઈ માસની શરૂઆતમાં પ્રતિનિધીઓને પહોંચ બુક મોકલી આપવામાં આવશે. આપના યોગ્ય નામ-સરનામે બરછી મળતું રહે અને અમારી પણ લવાજમ રીન્યુ કરવામાં સરળતા રહે તે માટે એડ્રેસ સ્લીપમાં પ્રિન્ટ થયેલો આપનો ગ્રાહકનંબર નોંધી લેવા અને પ્રતિનિધી મારફત, મ.ઓ., બેંક દ્વારા કે સીધું કાર્યાલયે લવાજમ ભરો ત્યારે આ ગ્રાહકનંબર અચૂક નોધવશો તેવી આગ્રહભરી વિનંતી છે. આપ સૌના અવિરત સહકારથી જ 'બરછી'ની પ્રકાશન યાત્રા અર્ધી શદી તરફ કૂચ કરી રહી છે જેની સાદર નોંધ લેવી ઘટે...! -તંત્રી.

## કુ યેશા કેયુરભાઈ ધોળકિયા બીડીએસ થયાં



જુનાગઢ સ્થિત શ્રીમતી હીનાબેન તથા કેયુરભાઈ ધોળકિયાનાં પુત્રી કુ યેશા ધોળકિયા નડિયાદ ખાતેની ધર્મસિંહ દેસાઈ યુની. માંથી બીડીએસ (ડેન્ટલ) ની પદવી મેળવી દાંતના ડોકટર થયાં. કુ. યેશા શ્રીમતી હંસાબેન તથા રમેશભાઈ ધોળકિયાના પૌત્રી તથા સ્વ. કોકીલાબેન તથા મૃગેન્દ્રભાઈ ઘોડાના દોહિત્રી થાય.

---

## કુ. પંકતિ મજમુદારે યુ.એસ.એ.માંથી એમ.એસ.ની પદવી મેળવી



રાજકોટના જાણીતા ફિઝીશ્યન ડો. વિનય મજમુદાર તથા શ્રીમતી બિજલ મજમુદારના પુત્રી કુ. પંકતિ અમેરીકાની ખ્યાતનામ યુનિવર્સિટી 'CARNEGIE MELON' માંથી ૨૦૧૨માં M.S. (Information Networking)ની પદવી મેળવ્યા બાદ કેલીર્ફોનીયા ખાતે " Net App" કંપનીમાં સોફટવેર એન્જીનીયર તરીકે જોડાયાં. કુ. પંકતિ સ્વ. કૈશલ્યાબેન હર્ષકાન્તભાઈ મજમુદારના પૌત્રી તથા મા.જયોતિબેન હરેન્દ્રભાઈ માંકડના દોહિત્રી થાય.

ઉજજવળ શૈક્ષણિક કારકીર્દી ધરાવતાં ચિ. પંકતિએ કુટુંબ તથા જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે... અભિનંદન.

---

## ડેન્ટલ પ્રેક. એશો.ના પ્રમુખ પદે પસંદગી પામતા ડો. ધૈવત વસાવડા



અમદાવાદમાં આંબાવાડી વિસ્તારમાં ડેન્ટલ કલીનીક ધરાવતા ડો. ધૈવત જે. વસાવડાની તાજેતરમાં ડેન્ટલ પ્રેકટીશનર સોસાયટીના પ્રમુખ પદે પસંદગી કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે આશરે ૫૦૦ જેટલી સભ્ય સંખ્યા ધરાવતાં આ એસોસીએશનનાં ૪૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત એક યુવાનની આ સ્થાન પર વરણી થઈ છે. તેઓએ છેલ્લા પાંચ વર્ષથી કમીટી મેમ્બર, સેક્રેટરી, ટ્રેઝરર જેવા હોદ્દા પર રહી પ્રશંસનીય કામગીરી બજાવેલ. જેના પરીપાકરૂપે આ સ્થાન પામ્યા છે. ડો. ધૈવત વસાવડા શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળના મંત્રી શ્રી ડો. જયંતભાઈ વસાવડાના પુત્ર છે. અભિનંદન સહ શુભકામના.

---

## શ્રી જયપ્રકાશ વોરાનું સન્માન



માંગરોળના જ્ઞાતિના સક્રિય કાર્યકર શ્રી જયપ્રકાશભાઈ રમણકાન્ત વોરા જે હાલમાં પશ્ચિમ રેલ્વે ભાવનગર મંડળમાં ડેપ્યુટી સીટીઆઈ ના હોદ્દા ઉપર ફરજ બજાવી રહયા છે. તેઓને ભાવનગર મંડળના પ્રબંધક પશ્ચિમ રેલ્વે ભાવનગર દ્વારા વર્ષ ૨૦૧૧ -૧૨માં ઉત્કૃષ્ટ સેવા બદલ યોગ્યતા પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. છેલ્લા ૩૫ વર્ષોથી ભારતીય રેલ્વેની સેવામાં કાર્યરત શ્રી વોરાની આ ઉપલબ્ધિએ માંગરોળની નાગર બ્રામણ જ્ઞાતિનું પણ ગૌરવ વધાર્યું છે.

## શાજાપુર ખાતે યોજાયુ યુવા અધિવેશન

નાગર યુવા પરિષદ શાજાપુર (મ.પ્ર.) નાગર યુવા પરિષદ અને રાષ્ટ્રીય નાગર બ્રાહ્મણ યુવા પરિષદના સંયુકત ઉપક્રમે તા. ૧૯ અને ૨૦ મેં ૨૦૧૨ ના ગુજરાત ,મધ્ય પ્રદેશ, દિલ્હી,પટણા રાજસ્થાનના આશરે એક હજારથી વધારે જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં શાજાપુર ખાતે રાષ્ટ્રીય યુવા અધિવેશનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુંબઈથી વિશેષ આમંત્રિત અતિથિ વિશેષ તરીકે શ્રીમતી વિશાખાબેન પોટાએ ખાસ હાજરી આપી હતી. આ તકે તેઓનું યુવા પરિષદના પ્રમુખ ડો. હેમંત અને કાર્યકર્તાઓએ વિકાસલક્ષી અને પરિણામલક્ષી જ્ઞાતિહિત વર્ધક પ્રવૃતિ સાથે સુદીર્ઘ સંચાલનના 'રોલ મોડેલ' 'સાક્ષાત હસ્તાક્ષર' તરીકે સન્માન કર્યુ હતું. અધિવેશનના બીજા સત્ર દરમિયાન અમદાવાદના શ્રી નરેશભાઈ રાજા તેમજ સુભાષભાઈ ભટ્ટ સાથે મંચસ્થ શ્રીમતી વિશાખાબેને યુવા સમસ્યા ઉપર પંદર ભાઈઓ બહેનોએ કરેલ રજુઆતનું સંકલન કરી સંબોધન કર્યુ હતું. અને જ્ઞાતિવારસો જાળવી રાખી સંગઠિત રીતે રચનાત્મક કાર્યોને આગળ વધારવા અપીલ કરી હતી. તા. ૧૯ ના સાંજે રાષ્ટ્રીય નાગર બ્રાહ્મણ પ્રતિષ્ઠાનની કારોબારીની બેઠકમાં પણ તેઓએ પ્રતિષ્ઠાનનાં વિકાસ અને વિવિધ ક્ષેત્રે જ્ઞાતિ પ્રવૃતિઓ વિશે સભ્યોએ ચર્ચા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મધ્ય પ્રદેશમાં બહોળી સંખ્યામાં શિક્ષણ, વહીવટ અને કાયદા જેવા અગત્યના ક્ષેત્રે આપણા બંધુઓ અગ્રીમ સ્થાન ધરાવે છે. ત્યાં વિશાળ પાયા ઉપર જ્ઞાતિ પ્રવૃતિ પણ થાય છે. ગુજરાત બહાર અન્ય જ્ઞાતિઓમાં પણ "નાગર" અટક હોવાથી ત્યાંની હાટકેશ સંસ્થાઓના નામમાં નાગર સાથે કૌંસમાં બ્રાહ્મણ શબ્દ વપરાય છે.

---

## હાટકેશ સિનીયર સીટીઝન્સ કલબ ભુજ

હાટકેશ સિનીયર સીટીઝન્સ કલબ ભુજની અર્ધવાર્ષિક સભા અને સ્નેહમિલન પ્રમુખશ્રી પરિમલભાઈ ધોળકિયાના માર્ગદર્શન તળે યોજાઈ ગયું. ગાયત્રી મંત્રોત્ચાર અને ભાવગીત રજુ થયું. મંત્રીશ્રી હરીભાઈ અંતાણીએ મીનીટસનું વાંચન અને શ્રી ગિરીશભાઈ વેષ્ણવે હિસાબો રજુ કર્યા. જ્ઞાતિઅગ્રણી શ્રી તરુણકાન્તભાઈ છાયાએ હમીરસર તળાવની નાગર જ્ઞાતિના લગાવ વિશે જણાવ્યું કે શ્રી હરીપ્રસાદ અંતાણીએ હમીરસર તળાવના નિર્માણ અને વિકાસ માટે મહત્વની કામગીરી સંભાળી છે. શ્રી ચંદ્રવદનભાઈ ધોળકિયાએ સિનીયર સીટીઝન્સ કલબ જેવી સંસ્થાની આજના તબકકે જરૂરિયાત 'ગીતા'ના માધ્યમ દ્વારા સમજાવી આ સંસ્થાઓનો ભાવુક સંબંધ વર્ણવેલ અને જણાવેલ કે હુંફ આપતી આ સંસ્થા વરિષ્ઠો માટે આરામ આપતી સંસ્થા છે. વિરામનો ઓટલો છે જ્યાં પરિવાર સહજ સ્નેહ અને હુંફ મળતી રહે છે. પ્રમુખશ્રી પરિમલભાઈ ધોળકિયાએ ઉદબોધનમાં સંસ્થાની પ્રવૃતિ માટે સહૃદયથી સૌને આવકારી આભાર વ્યકત કર્યો હતો. સલાહકાર શ્રી પરિમલભાઈ વૈષ્ણવે નવા સદસ્યોને આવકાર અને ડોનેશનની યાદી રજુ કરી હતી. હાલ સંસ્થાના ૨૫૦ સભ્યો નોંધાયા છે. શ્રી હરીભાઈ અંતાણી તથા શિશિરે સભાનું સંચાલન કરેલ હતું.અંતમાં મોહનથાળ, પુરી રાયતાનાં ભોજન લઈ સૌ વિખરાયા હતા.

# ■ ■ ■ સમાચાર સંચય ■ ■ ■

■ **મુંબઈ :** શ્રી નાગર વિદ્યોતેજક સહકારી મંડળ,મુંબઈની યાદી જણાવે છે કે ધો. ૧૦-૧૨ અને સમકક્ષ સીબીએસઈ/આઈસીએસઈ પરીક્ષાઓમાં તથા સ્નાતક અનુસ્નાતક કક્ષામાં ચાલુ સાલે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટની પ્રમાણિત નકલ ૨૦ જૂલાઈ પહેલાં શ્રી કિરીટ અંજારીયા, ૯ ધનલક્ષ્મી કો.ઓપ.હા. સોસાયટી, પ્લોટ નં. ૧૭ સેકટર-૨ ચારકોપ પોલીસ સ્ટેશન પાસે, કાંદીવલી (વેસ્ટ)મુંબઈ-૬૭ને મોકલી આપવી. (વધુ માહિતી માટે પણ ત્યાં જ સંપર્ક કરશો)

■ પરિન્દ હરીશભાઈ મહેતા 'ભારતશેલ'માં મુંબઈથી બઢતી સાથે બેંગલોર બદલાયા.

■ થાણા સ્થિત શ્રધ્ધાબેન સુધીરભાઈ વસાવડાના પુત્ર તેજસે નેશનલ મેથેમેટીક્સ ઓલિમ્પીયાડમાં મહારાષ્ટ્રમાં પ્રથમ પાંચમાં ઉત્તીર્ણ થઈ રામાનુજ એવોર્ડ, રૂા. ૫૦૦ની શિષ્યવૃત્તિ તથા પ્રમાણપત્ર મેળવી કુટુંબને ગૌરવ બક્ષ્યું.

■ **વડોદરા :** પ્રણવકુમાર પંકજભાઈ બક્ષી સાંઘી સિમેન્ટ કંપનીના પ્રોજેક્ટ અર્થે કેન્યાના પ્રવાસે જઈ આવ્યા જયારે નીરવ પંકજભાઈ બક્ષી ગ્લેનમાર્ક કંપનીના પ્રોજેક્ટ અર્થે યુરોપ જઈ આવ્યા.

■ ધો ૫થી ૮ અંગ્રેજી ગુજરાતી માધ્યમનાં ટયુશન માટે સંપર્ક કરોઃ- મો.નં. ૯૯૨૫૧ ૦૦૮૫૪

■ શ્રીમતી નિશા ઉદય વછરાજાનીની સ્વરચિત લઘુવાર્તા "આથમતા અજવાળાં" આકાશવાણી અમદાવાદ-વડોદરા યુવાવાણી કાર્યક્રમમાં પ્રસારિત થઈ.

■ સામાજીક તકરારમાં આમ આદમીને કોર્ટ કચેરીના ધકકા ન ખાવા પડે તે હેતુથી વડોદરા શહેર કમિશ્નરશ્રીએ રાજ્યમાં સૌ પ્રથમ ૯૮ પોલીસ વડીલોની નિમણુંક કરવામાં આવી. જેમાં મકરપુરા પોલીસ સ્ટેશનમાં ડો. રાજેન્દ્ર હાથીની નિયુકિત કરવામાં આવી. કાયદો વ્યવસ્થા જાળવવા તેઓ દર અઠવાડીએ બે કલાક નિઃશુલ્ક સેવા આપશે.આ માટે પોલીસભવન ખાતે તાલીમ આપી આઈ કાર્ડ પણ આપવામાં આવ્યાં છે.

■ શ્રી હાટકેશ મંડળ લાલબાગ માંજલપુર દ્વારા પાટોત્સવ નિમિત્તે ડો. રાજેન્દ્ર કે. હાથીનો હસીખુશીકી શામ -હાસ્યસભર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

■ **ગોંડલ :** હાટકેશ પાટોત્સવ નિમિતે મંદીરમાં સાંજે શિવ મહિમ્ન સ્તોત્ર, ધુન, દીપમાળા, આરતી બાદ પિયૂષભાઈ વસાવડાના આંગણામાં સૌએ સાથે મળી શીખંડ, પુરી સમેતના સમુહભોજનનો લાભ લીધો હતો.

■ **જુનાગઢ :** અત્રેના શ્રી જનકભાઈ છાંયાએ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા અને શ્રી જનકભાઈ છાયા તથા અ.સૌ. હેમાબેન છાયાએ સફળ દામ્પત્ય જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કર્યા, તેમનાં પુત્રી ચિ. હીનાએ ૫૦ વર્ષમાં પ્રવેશ કર્યો આ ત્રિવેણી સંગમ સમાન પ્રસંગે તા. ૧૩ થી ૧૬ મે દરમ્યાન આઈએમએ હોલ ખાતે કુટુંબમેળાનું આયોજન કરી સંયુકત કુટુંબની ભાવનાને જીવંત રાખી. રાત્રે મનોરંજક કાર્યક્રમો, તા ૧૫ ના રોજ ૧૧ હનુમાન ચાલીસાના પાઠ રાખવામાં આવેલ.

■ વાઘેશ્વરી હવનમંડળ (વાસાવડ) સમગ્ર જ્ઞાતિ અષાઢી નવરાત્રીનો હવન તા. ૨૭-૬-૧૨ ના રોજ વાસાવડ ખાતે આયોજન કરાયેલ છે. ભાગ લેવા માટે સંપર્કઃ- ૯૪૦૮૨૧૪૦૨૩

■ શ્રી જૂનાગઢ વ. ના. જ્ઞાતિ સભા દ્વારા પ્રતિ વર્ષ મુજબ ધો. ૧૦-૧૨ વિજ્ઞાનમાં ૯૫% તથા ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં કોમર્સમાં ૯૨% મેળવેલ વિદ્યાર્થીઓનું તેમજ કોલેજ કક્ષામાં ઉત્કૃષ્ઠ ગુણ દ્વારા યુનિવર્સિટીમાં સ્થાન પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનું તા. ૨૮/૧૦/૧૨ના રોજ સન્માન કરવામાં આવનાર છે.

વિદ્યાર્થીના ગામથી જૂનાગઢ સુધીનું ર વ્યકિતનું ટીકીટભાડું તથા રોકડ પુરસ્કાર આપવામાં આવશે. સન્માનપાત્ર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ હાજર રહેવું આવશ્યક રહેશે. પ્રમુખ/મંત્રી મોતીભુવન સંસ્થા, માઢ સ્ટ્રીટ, જૂનાગઢ-૩૬ર ૦૦૧.ને સરનામે અરજી મોકલવાની રહેશે. વધુ માહિતી પણ ત્યાંથી મળી શકશે.

■ **રાજકોટ :** રેડીયો મીર્ચી દ્વારા યોજાયેલ 'ફીમેલ પ્રિમીયર લીગ' અંતર્ગત યોજાયેલ બહેનોને સંબંધિત બાબતો અંગેની હરીફાઈમાં શ્રીમતી રોહીણીબેન જસ્મીનભાઈ દેસાઈ એ તૃતીય સ્થાન મેળવ્યું.

■ રેડીયો મીર્ચીના 'ફીમેલ પ્રિમીયર લીગ'ના કાર્યક્રમમાં ટેલેન્ટ શોનું પણ આયોજન કરાયેલ જેમાં કુ. કોમલ મનહરભાઈ વૈષ્ણવે ગુજરાતી ગીત ગાઈ ઈનામ મેળવેલ.

■ શ્રીમતી કલ્પનાબેન સુબોધભાઈ બક્ષીએ આનંદી આશ્રમની તપોભુમિ ખાતે તા. ૧૨-૫ થી ૧૯-૫ દરમિયાન યોજાયેલ શ્રીમદભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં મુખ્ય યજમાન તરીકે જોડાઈને પિતૃતર્પણ કરી ઋણમુકત થયા.તા. ૨૦-૫ ના રોજ સમુહભોજનનું આયોજન કરેલ.

■ શ્રી હિમાંશુ વૈદ્યનું સતત ચોથે વર્ષે એસબીઆઈ લાઈફમાં નિશ્ચિત સમય મર્યાદામાં ટાર્ગેટ પૂર્ણ કરવા સાથે વિશિષ્ટ કામગીરી કરવા બદલ એસબીઆઈના મેનેજીંગ ડીરેકટરશ્રીના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું.

■ **અમદાવાદ :** શ્રી મલય નવીનચંદ્ર વૈષ્ણવને બઢતીથી 'ઓ' ગૃપ ૧ તરીકે સરકારી કન્યા વિદ્યાલય ધોરાજી ખાતે નિમણુક થયેલ છે.

■ કુ. આકાંક્ષા કાર્તીકભાઈ બુચ ટેક મહિન્દ્રા પૂના ખાતે સોફ્ટવેર એન્જીનીયર તરીકે જોડાયાં.

■ શ્રી પ્રદ્યુમ્નભાઈ ઢેબર પુત્ર ચિરાગભાઈના પરિવાર સાથે અમેરીકા-કેનેડાના પ્રવાસે જઈ આવ્યા.

■ અભિષેક રમેશભાઈ વછરાજાનીએ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સદ્‌ભાવના મિશન અંતર્ગત વડોદરા તથા પંચમહાલ જીલ્લામાં યોજાયેલ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

■ શ્રીમતી ડો. બ્રિન્દા પ્રણવ વછરાજાની અત્રેની ચિંતન હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે નિમાયાં.

■ **જામનગર :** લોહાણા મહિલામંડળ દ્વારા આયોજિત 'એવરગ્રીન અંતાક્ષરી'માં નિર્ણાયક તરીકે શ્રીમતી સોનલ મનોજ નાણાવટીએ સેવા આપી હતી.

■ અત્રેના ટાઉનહોલ ખાતે યોજાયેલ અસંગઠીત શ્રમજીવી મહિલા સંઘના અધિવેશનના સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી સોનલ મનોજ નાણાવટીએ કર્યું હતું.

■ અ.ભા.નાગર પરિષદના નવા વરાયેલ પ્રમુખશ્રી રજનીકાન્તભાઈ મહેતા જામનગરની મુલાકાતે આવતાં પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું અને તેઓના હસ્તે જામનગર શાખાના કાર્યદક્ષ ભૂતપુર્વ પ્રમુખશ્રી જનકભાઈ માંકડનું તેઓની નિષ્ઠાપૂર્વકની સેવા બદલ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

■ **જામખંભાળીયા :** ઈન્ટરનેશનલ આંબાવાડી કલાવૃન્દ સંસ્થા તરફથી સામાજીક સેવા પ્રદાન બદલ સ્વ. ઘનશ્યામભાઈ રીંડાણી, સાક્ષર વિદ્વાન તરીકે સ્વ. ત્રંબકભાઈ મંકોડીનું તથા સંગીત ક્ષેત્રે પ્રદાન બદલ જલ્પેશ કિરીટકુમાર માંકડનું જ્યારે સાહિત્ય ક્ષેત્રે શ્રી ભીખુભાઈ કે. ઢેબરનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું.

■ **ઈન્દોર :** ચિ. મૃદંગ મલય જીકાર (ઉ. વ. ૭) એ મધ્યપ્રદેશ રાજ્ય કક્ષા સ્તરની મેન્ટલ એરેથમેટિકમાં સમગ્ર રાજ્યના કુલ ૩ હજાર વિદ્યાર્થીઓમાં ૩૧મું સ્થાન પ્રાપ્ત કર્યું.

# પરીક્ષાના પરિણામો

એસ.એસ.સી.-એચ.એસ.સી. તેમજ કોલેજ કક્ષામાં પ્રથમ કે દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓના પરિણામો પ્રસિધ્ધ કરવામાં આવે છે. આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓ તો આપ મહેનતે જ સારૂં પરિણામ લાવી રહયા છે પરંતુ આજે બોર્ડ-યુનિ.એ રેલ્વેની જેમ તૃતીય વર્ગ જ રદ કરી નાખ્યો હોય તેમ નથી લાગતું...?! ખેર.

ધો. ૧૦-૧૨માં પરર્સેન્ટાઈલ નહીં પરંતુ પરર્સન્ટેજ મુજબ પરિણામ જણાવવા વિનંતી છે. આપ ટપાલ/કુરીઅરથી મોકલી શકો છે. માર્કશીટની નકલ મોકલવી જરૂરી નથી. તેથી ફોન ઉપર પણ લખાવી શકો છો. ધો. ૧૦-૧૨માં બોર્ડ કે કેન્દ્રમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓનાજ ફોટા પ્રસિધ્ધ કરવામાં આવે છે. કોલેજ કક્ષામાં પ્રથમ વર્ગ સાથે ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ થનાર વિદ્યાર્થીઓના ફોટા પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેના માટે ફોટાના પ્રોસેસ ખર્ચના રૂા. ૫૦ વિગત સાથે જ મોકલવાના રહે છે. આપના સંતાનોના પરિણામો મોકલવાના બાકી હોય તો તુરત આવતા અંક માટે મોકલી આપશો... સંતાનોને પ્રોત્સાહન સાથે તમને કે બીજાને ભવિષ્યમાં ઉપયોગી પણ થઈ શકે છે ! જાણીને નવાઈ સાથે આનંદ થશે કે ઈતર જ્ઞાતિજનો નામો વાંચવા કે સંતાનનું સારૂં નામ પાડવા બરછીની આ કોલમ વાંચે છે...!! આપણા નામો અલભ્ય હોવાથી ઉકેલી ન શકાયેલ નામમાં ભૂલચુક ક્ષમ્ય ગણશો. અભિનંદન-શુભકામના સાથે વાંચો તમારાં નામ...

## ધોરણ - ૧૦

| | | |
|---|---|---|
| દિવીજ આશિષ વૈષ્ણવ | ૯૨% | વડોદરા |
| મીત મનોજભાઈ રાવળ | ૯૧% | વડોદરા |
| હિમાની નિમીષ ધોળકિયા | ૭૯% | વડોદરા |
| શ્રુતિ ભૂષણ અંજારીયા | ૮૫% | વડોદરા |
| કૃતિ ચિરાગ બક્ષી | ૮૨% | વડોદરા |
| મેઘા તુષાર દેસાઈ | ૮૮% | વડોદરા |
| પ્રિયલ અમીત ધોળકિયા | ૮૭% | વડોદરા |
| યશ્વી ઉદય ઉનાકર | ૭૫% | વડોદરા |
| મેધાવી તારક ઓઝા | ૮૨% | વડોદરા |
| મલ્હાર ચિરાગ મહેતા | પ્રથમ વર્ગ | વડોદરા |
| જેષ્ઠા ઉદય વસાવડા | દ્વિતીય વર્ગ | વડોદરા |
| ક્ષિતિ ચિરાગ ઢેબર | ૯૫% | અમદાવાદ |
| વિશ્વા ઉદય બક્ષી | ૯૧% | અમદાવાદ |
| મિત મુકેશ છાયા | ૭૬% | અમદાવાદ |
| કર્ણવ મનીષ કીકાણી | ૯૦% | અમદાવાદ |
| નિતી દિગંત બુચ | ૯૦% | અમદાવાદ |
| પ્રાચી ઉજ્જવલ બુચ | ૮૫% | અમદાવાદ |
| મોહા તારક ઓઝા | ૮૨% | ગાંધીનગર |
| ઝાહીર રાજેશ માંકડ | ૯૦% | મુંબઈ |
| નિરાલી જ્વલંત ઓઝા | ૮૪% | મુંબઈ |
| નિશી તારક મહેતા | ૮૧% | મુંબઈ |
| વિશ્રુત ઉદય માંકડ | ૯૩% | રાજકોટ |
| આનલ સંદીપ દેસાઈ | ૯૦% | રાજકોટ |
| ખેવના શૈલેષ ધોળકિયા | ૮૦% | રાજકોટ |
| રીષભ ગૈરાંગ મહેતા | ૮૭% | રાજકોટ |
| રૂદ્રી અમીત જોષીપુરા | ૯૪% | રાજકોટ |
| (ગણિત ૧૦૦ માર્કસ) | | |
| હસ્તી અનીલભાઈ મંકોડી | ૯૬% | રાજકોટ |
| ખેવના વિશ્વેશ વૈષ્ણવ | ૮૦% | રાજકોટ |
| યશોદા દેવાંગ વસાવડા | ૮૨% | રાજકોટ |
| કલંગી જીતેષ ઓઝા | ૮૮% | રાજકોટ |
| વિદ્વતા કિરણ બુચ | ૮૮% | રાજકોટ |
| કાવ્યા નીતીન માંકડ | ૯૨% | રાજકોટ |
| (ગણિત ૧૦૦ માર્કસ નિર્મલા સ્કુલમાં ટોપટેનમાં) | | |
| સમીપ યજ્ઞેશ વૈદ્ય | ૮૪% | રાજકોટ |
| ધૈર્ય ધીરેન બુચ | ૮૩% | રાજકોટ |
| નિર્મિત દેવાંગ વસાવડા | ૭૨% | રાજકોટ |
| (આઈ સી એસ સી) | | |
| ઉજ્જવલ ધીરેન ઓઝા | ૯૨% | જામનગર |
| વૃન્દા જસ્મીન બુચ | ૮૮% | જામનગર |
| રોનીત દિલીપ માંકડ | દ્વિતીય વર્ગ | જામનગર |
| નીલ દર્શન મંકોડી | ૮૫% | જામનગર |
| ધ્યેય પરેશ બુચ | ૯૧% | જામનગર |

| | | |
|---|---|---|
| દિક્ષા ભવદીપ જથ્થલ | ૯૨% | જામનગર |
| મૃગા વિનય વસાવડા | ૭૭% | જુનાગઢ |
| પંક્તિ ઉજજવલ ખારોડ | ૯૬% | જુનાગઢ |
| મેઘ મેહુલ વૈષ્ણવ | ૮૬% | જુનાગઢ |
| માત્રી નયન છાયા | ૭૨% | જુનાગઢ |
| નિસર્ગી મૃગેશ રીડાણી | ૯૫% | જુનાગઢ |
| સુરાગી શિતલ નાણાવટી | ૮૫% | જુનાગઢ |
| દક્ષ જયેન્દ્ર વસાવડા | ૭૬% | જુનાગઢ |
| નિજાંસી કેતન બક્ષી | દ્વિતીય વર્ગ | જુનાગઢ |
| કથન રાજેન્દ્ર ઓઝા | ૬૧% | પોરબંદર |
| યશ જયોતીન્દ્ર ધોળકિયા | ૮૦% | વેરાવળ |
| જયતિ મયંક વસાવડા | A+(CBSE) | વેરાવળ |
| (દાલમીયા સ્કૂલ પ્રથમ) | | |
| નિર્વિશા પિયૂષ માંકડ | ૯૩% | ભરૂચ |
| (ગણિત ૧૦૦) | | |
| કૃપા ઉત્કર્ષ વૈશ્નવ | ૮૮% | ભરૂચ |
| દેવાંશ હરેશ મહેતા | ૭૫% | મહુવા |
| ધીર કૃતાર્થ વૈદ્ય | ૭૬% | મહુવા |
| ધૈર્ય મનીષ વૈષ્ણવ | ૯૧% | ભાવનગર |
| દેવર્ષી અક્ષય વૈદ્ય | ૮૦% | ભાવનગર |
| ફલન દીપન વછરાજાની | ૮૮% | અંબુજાનગર |
| (સીબીએસસી) | | |
| ચાહના આસુતોષ મહેતા | ૮૩% | ગોંડલ |
| ધરા હિતેષ દેસાઈ | ૮૭% | અમરેલી |
| શાશ્વત ધર્મેશ અંતાણી | પ્રથમ વર્ગ | ભુજ |
| નિકેત હેતલ અંજારીયા | ૮૮% | ભુજ |
| નીરજ સ્નેહલ વૈદ | ૭૪% | ભુજ |
| પ્રાચી દ્વિજેન્દ્રભાઈ વોરા | ૮૫% | ભુજ |
| કુજન મનોજ વોરા | ૭૦% | ભુજ |
| મહેક પ્રવીણ પાઠક | ૮૪% | ભુજ |
| રીષભ ભરત વોરા | ૮૭% | ભુજ |
| સુગમ ગૌરાંગ રાણા | ૭૪% | ભુજ |
| કિંજલ ઉર્મિલ પાઠક | ૭૪% | ભુજ |

**ધોરણ ૧૨**

| | | |
|---|---|---|
| કવન સંદીપ મંકોડી | ૮૧ % | જામનગર |
| (સીબીએસઈ) | | |
| તેજસ દિલીપ માંકડ | પ્રથમ વર્ગ | જામનગર |
| ધ્વનિ મનીષ બક્ષી | ૮૮% | મુંબઈ |
| રૂચિતા ધ્રુવકુમાર બક્ષી | ૮૨% | મુંબઈ |
| કિંજલ નીલેશ બક્ષી | ૭૮% | મુંબઈ |
| મૈત્રેય હિમાંશુ રાણા | | રાજકોટ |
| પ્રિયંકા સુનીલ રીંડાણી | ૮૭% | રાજકોટ |
| નીરજા નીલાંગ દેસાઈ | ૮૭% | રાજકોટ |
| નૈસર્ગી જયેશ વસાવડા | ૭૮% | રાજકોટ |
| (નિર્મલા સ્કૂલ ટોપટેનમાં) | | |
| કુંજ વિભાકર વછરાજાની | દ્વિતીય વર્ગ | રાજકોટ |
| વૈશાખી અમીત માંકડ | ૭૮% | રાજકોટ |
| હેલી કેતન ઓઝા | ૯૨% | વડોદરા |
| જલધી જયંત બક્ષી | ૬૬% | વડોદરા |
| ઉષ્મા હિતેષ બુચ | ૭૬% | વડોદરા |
| હેલી સોહમ મહેતા | ૭૫% | વડોદરા |
| પલક મૌલેશ પોટા | ૭૯% | વડોદરા |
| અદિતી ગૌરાંગ ઝાલા | ૮૮% | વડોદરા |
| પોયણી દિવ્યાંગ ઝાલા | ૮૬% | જુનાગઢ |
| શૈલી ફાલ્ગુન જોષીપુરા | ૮૪% | જુનાગઢ |
| ખુશ્બુ સુનીલ વૈદ્ય | ૮૯% | જુનાગઢ |
| ખ્યાતી મહેશ જોષીપુરા | ૮૬% | જુનાગઢ |
| મિલી અર્ચિત ઓઝા | ૭૬% | જુનાગઢ |
| જુહી તૃષાર અવાશીયા | ૮૦% | જુનાગઢ |
| મલય અંકીતકુમાર વૈદ્ય | ૯૩% | જુનાગઢ |
| શિવાંગ ધર્મેશ નાણાવટી | દ્વિતીય વર્ગ | જુનાગઢ |
| હીનલ યોગેશભાઈ બુચ | પ્રથમ વર્ગ | અમદાવાદ |
| કાંચી રાજીવ વસાવડા | ૭૧% | અમદાવાદ |
| મિત્ત ધીરેન દેસાઈ | ૮૭% | અમદાવાદ |
| ચરિતાર્થ પ્રતિક મહેતા | ૮૦% | ગાંધીનગર |
| માર્મિક કમલેશ મહેતા | ૮૯% | વિદ્યાનગર |
| રાગ કેયુરભાઈ રીંડાણી | ૭૬% | જામનગર |
| રચિતા ધ્રુવ બક્ષી | ૮૨% | મુંબઈ |
| મહર્ષિ જીજ્ઞેશ છાયા | ૮૬% | મુંબઈ |
| (ફ્રેન્ચ ૯૭) | | |

જય અપૂર્વ વોરા ૮૮% (CBSEI) મુંબઈ
મનન ભરતભાઈ બુચ ૭૫% ગોંડલ
આયુષી પરંતપભાઈ વૈદ્ય ૭૦% ગાંધીધામ
અંતરા દુર્ગેશ ઓઝા પ્રથમ વર્ગ પોરબંદર
સ્તવન શાર્દુલ વોરા ૯૫% (CBSEI) ભરૂચ
હેમ હર્ષેન્દુ છાયા ૮૩%(CBSEI) વેરાવળ
કવન મૃગેશભાઈ જોષીપુરા ૭૫% વેરાવળ
દેવાંશી અપૂર્વ ધોળકિયા ૭૧% (વિ.પ્ર.) ભુજ
પૂર્વા વિભાકર અંતાણી ૭૮% (વિ.પ્ર.) ભુજ
રાજવી અખિલેશ પાઠક ૮૪% ભુજ
દિશા જયદીપ ધોળકિયા ૭૪% ભુજ
કિન્નરી જયેશ ધોળકિયા ૯૭% ભુજ

**બીસીએ (સેમે.-૪)**

ઉત્સવી વિશ્વેશ દેસાઈ બી ગ્રેડ વડોદરા

**બી.એસસી (આઈટી - ૪)**

કુ. કૈરવી દુર્ગેશ વૈષ્ણવ ૮૮% રાજકોટ

**એફ.વાય. બી.એસસી.**

અંકિત સુભાષભાઈ વસાવડા પ્રથમ વર્ગ જૂનાગઢ

**બી.સી.એ. (ફાઈનલ)**

અભિજ્ઞ મિલન પોટા ૭૨% પોરબંદર

**બી.કોમ (સેમે.-૪)**

શ્રેયા મૌલેશ ઓઝા ૮૧% પોરબંદર
કોષા ભદ્રેશ ઓઝા ૮૫% પોરબંદર
કુ. આરતી હિતેષભાઈ પોટા ૭૦% રાજકોટ

**બી.કોમ (ફાઈનલ)**

જીન્ના દેવાંગ નાણાવટી ૭૨% જુનાગઢ
મુગ્ધા ઋષિકેશ દેસાઈ પ્રથમ વર્ગ વડોદરા
વાચા નિખીલભાઈ માંકડ દ્વિતીય વર્ગ જામખંભાળીયા
જેસલ મયુર દેસાઈ દ્વિતીય વર્ગ જુનાગઢ
મેઘલ અજયભાઈ વૈશ્નવ ડીસ્ટીં. રાજકોટ

**એફ.વાય. બી.બી.એ.**

ઝીલ ભૌમિક જોષીપુરા ૮૫% અમદાવાદ

**એસ.વાય. બી.બી.એ.**

નીરજા રશ્મીન હાથી પ્રથમ વર્ગ વડોદરા

**બી.બી.એ.(ફાઈનલ)**

ખંજન દીપક ઓઝા દ્વિતીયવર્ગ ભાવનગર

**બી.એમ.એસ (ફાઈનલ)**

શૈલી દીપક ઓઝા ૭૫% (SNDT) ભાવનગર

**બી. એ.**

સિધ્ધાર્થ અમીતભાઈ માંકડ ૭૫% રાજકોટ
કુ. મિતાલી રાજેશ છાયા પ્રથમ વર્ગ - રાજકોટ

**બી. એડ.-** કુ. વિધી અખિલેશ પાઠક ૮૮% ભુજ

**એમ.ઇ. (સી.ઇ) પ્રથમ સેમેસ્ટર**

કિન્નરી અજયભાઈ વૈશ્નવ એ ગ્રેડ રાજકોટ

## પ્રભુતામાં પગલાં :

✸ ભુજ સ્થિત કૌમુદિનીબેન કિરણભાઈ ધોળકિયાના પુત્ર કથનના લગ્ન વડોદરા સ્થિત મેહા મૌલેશભાઈ વ્યાસ સાથે.

✸ રાજકોટના અર્પિત વ્યોમેશ વસાવડાનાં લગ્ન રાજકોટનાં જલ્પા દિલીપભાઈ મહેતા સાથે.

## સગપણ સગાઈ :

✸ જામનગર સ્થિત હેમલ દિલીપભાઈ હાથી નું સગપણ અમદાવાદ સ્થિત અમી સમીરભાઈ મુનશી સાથે. (બરછીના માધ્યમથી)

✸ જામનગર સ્થિત પ્રાંજલિ કિરીટભાઈ ધોળકિયાનું સગપણ ભુજના જય મદનકુમાર અંજારીયા સાથે.

✸ મુંબઈ સ્થિત હિમાંશુ ઉદયભાઈ મહેતાના પુત્ર સ્તવનનું સગપણ મુંબઈ સ્થિત શમીકભાઈ વોરાનાં પુત્રી ધ્રુવી સાથે.

✸ વડોદરા સ્થિત શૈશવભાઈ પ્રદ્યોતભાઈ દેસાઈના પુત્ર સંકેતનું સગપણ ભરૂચ સ્થિત અંબરીષભાઈ ઓઝાનાં પુત્રી મેઘા સાથે.

✸ રાજકોટના મુકેશભાઈ એમ. દેસાઈ(બરછી પ્રતિનિધી)નાં પુત્રી સેજલનાં લગ્ન રાજકોટના સુજ્ઞેશભાઈ એન. ઢેબરના પુત્ર જ્વલંત સાથે વિશાળ સંખ્યામાં સ્નેહી સબંધીઓની ઉપસ્થિતિમાં ધામધૂમ થી યોજાયાં.બરછી પરિવારની શુભકામના.

**<u>સુમીરન કરીએ ઋણ ભકત નરસિંહ તણા</u>**

કહીને 'શિવને તોકૃષ્ણલીલા ગમે,ધર્મ નિભાવના ના જેણે ભેદ ભુલાવ્યા,કહીને 'સહુ છીએ હરિના જન એમ ઉચ્ચ નીચના ભરમ જેણે ભાંગ્યા, એણે જ વૈષ્ણવજન ગાઈ નાગરત્વની વ્યાખ્યા કીધી, તેવા નાગર નરસિંહનું ઋણ હજુ એકાવન પેઢી સુધી ભરપેટ સુવાના વરદાનને સ્મરીએ. આ ઋણ સ્વીકારના પ્રતીક રૂપે અમે દસ ગ્રામના એક સુવર્ણ પ્લેટેડ સિકકાને સાર્વજનિક કર્યો છે. એક હજાર સિકકા સંગ્રહ કરી રાજકોટના સમાજે અમને પ્રોત્સાહિત કર્યા છે. ગામેગામની માંગ સંતોષવા આ અભિયાનમાં જોડાવા ઉત્સુક વ્યકિત સંસ્થા વિશેષોને અમારૂં આહવાન છે. ઓછા રોકાણે ખર્ચ પ્રાવધાન સમેત નાની બચતની યોજના સમજવા રૂબરૂ કે દૂરભાષ માધ્યમે સંપર્ક કરવા નિમંત્રણ છે.

**ચિરાગભાઈ દી. માંકડ – ૯૪૨૮૦૫૦૯૪૨**
**ફોન : ૨૮૧–૨૪૬૮૦૬૬ સ્વાતિ 'એ'ત્રીજામાળે ૧/૭ જાગનાથ પ્લોટ, રાજકોટ – ૩૬૦ ૦૦૧ .**

**<u>વડોદરામાં અભ્યાસ કરતા</u>**
**<u>વિધાર્થીઓ જોગ</u>**

શહેરના હાર્દ સમા વિસ્તારમાં રહેવા ,ભણવા તથા જમવાની સુંદર વ્યવસ્થા...

૧ શહેરની તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજ જવા આવવા માટે સીટી બસ ઉપરાંત અન્ય વાહનોની ઉપલબ્ધિ

૨ શાંત સંસ્કારી વાતાવરણ, સંપૂર્ણ હવા ઉજાસ સાથેનો ટુ સીટર રૂમ

૩ ૨૪ કલાક ઠંડા ગરમ પાણી , પીવા માટે ઠંડુ મિનરલ વોટર

૪ સવારનો ચા –નાસ્તો (મરજીયાત) તથા ઘરનું શુધ્ધ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન

<u>જ્ઞાતિના વિધાર્થીઓને કન્સેશનલ રેઈટ, વહેલા તે પહેલાના ધોરણે</u>

**સંપર્ક : ૯૪૨૭૬ ૦૩૨૭૮**